દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

એપ્રિલ ૨૦૨૫



# આળસ

## સંપાદકીય

બાળમિત્રો,

કોઈ પણ કામ પતાવવાનો સહુથી સહેલો ઉપાય શું હોઈ શકે ? કામ પતાવવાની શરૂઆત કરવી. ઘણી વાર આપણને એટલી બધી આળસ આવે છે કે કામની શરૂઆત જ નથી થતી. આળસના કારણે આપણે સાવ સહેલું કામ પણ અઘરું બનાવી દઈએ છીએ.

આ આળસ છે શું ? આપણને આળસ કેમ આવે છે ? આળસને ભગાડી દેવી હોય તો ? ચાલો, જ્ઞાનીઓની સમજણ દ્વારા આ પ્રશ્નોના જવાબ મેળવીએ. સાથે સાથ વાર્તાઓની દુનિયામાં જઈને જોઈએ, કે આળસના કારણે 'ફન ફેર'માં જીગરને શું નુકસાન થયું ? વિન્કી સાયન્સ મૉડલ બનાવી શક્યો કે નહીં ? અને હા, આલુ-ચીલીની લાઈફમાં આગળ શું બન્યું એ વાંચવામાં તો આળસ કરતા જ નહીં !

- ડિમ્પલ મહેતા


**અક્રમ એક્સપ્રેસ**

April, 2025
Year 17, Issue : 08
Conti. Issue No.: 200
Published Monthly



સંપર્ક સૂત્ર:
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.




© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved



Price Per Copy: NIL

# ચાલો રમીએ...

નીચે આપેલી વસ્તુઓને એની સંખ્યા પ્રમાણે શોધો.



# ફન અને ફન ફેર

જીગરે માથું ડેસ્ક પર મૂક્યું અને ધીમેથી ઘડિયાળ તરફ જોયું, 'આર્યન, મને મન થાય છે કે હું સાઈઝમાં એકદમ નાનો બની જઉં અને ઘડિયાળના કાંટા પર બેસીને ટાઈમને આગળ દોડાવી દઉં.'

સશ... મોઢા પર આંગળી મૂકીને આર્યને જીગરને કહ્યું, 'મને સરની વાત સાંભળવા દે.'

'માની લો, કે એક પિઝાની કિંમત બસ્સો રૂપિયા છે', ગણિતના સરે બ્લેક બૉર્ડ પર લખ્યું. 'તો બે પિઝાની કિંમત વધે કે ઘટે ?'

ક્લાસમાં બધા સાથે બોલ્યા, 'વધે !'

'બરાબર. અને ગાડીની સ્પીડ વધે તો પહોંચવાનો ટાઈમ વધે કે ઘટે ?'

'ઘટે !', બધા ફરી સાથે બોલ્યા.

'બરાબર.' સરે થોડા વધુ ઉદાહરણો આપીને ગણિતની ફૉર્મ્યૂલા સમજાવી. પછી હોમવર્ક માટે બે દાખલાઓ બૉર્ડ પર લખ્યા.

આર્યન તો સરે આપેલું હોમવર્ક કરવામાં ડૂબી ગયો.

'સરે તો કાલ સુધીનો ટાઈમ આપ્યો છે ને ! જે કામ કાલે કરી શકીએ, એ આજે કેમ કરવાનું ? અને જો આજે કરી લઈએ તો કાલે શું કરવાનું ?' જીગરે આર્યનને પૂછ્યું.

'યાર, તને તો હું શું કહું !' આર્યને માથું હલાવીને કહ્યું. થોડી વારમાં એણે જોરથી કહ્યું, 'મળી ગયો જવાબ, સર !'

સર આર્યન પાસે આવ્યા અને એનો દાખલો તપાસ્યો, ‘શાબાશ આર્યન, રાઈટ આન્સર !’

જીગરને પણ પોતાના વખાણ સાંભળવાનું મન થયું. એણે ન તો ક્યારેય સર પાસેથી ‘શાબાશ’ સાંભળ્યું હતું કે ન તો ક્યારેય સમય પહેલા કોઈ કામ પતાવ્યું હતું.

બીજા દિવસે જીગરના ઘરે બન્ને ફ્રેન્ડ્સે વિડિઓ ગેમ રમવાનો પ્લાન કર્યો.

‘આર્યન, કેટલી વાર કરી ! મેં તો બે ગેમ ફિનિશ પણ કરી નાખી’ જીગર અકળાઈને બોલ્યો.

‘મ્યૂઝિક પ્રૅક્ટિસ બાકી હતી. પછી કેસિયો પર ભાઈ બેસવાનો હતો’ આર્યને મોડા આવવાનું કારણ કહ્યું.

‘મ્યૂઝિકમાં શું મજા આવે ? મને તો બોરિંગ લાગે !’ જીગરને એના ફ્રેન્ડના શોખ સમજાતા નહોતા.



'બોરિંગ શું છે એમાં ? તને ગેમ્સ રમવા સિવાય બધું જ બોરિંગ લાગે છે.' આર્યને કહ્યું. ત્યાં તો જીગરના મમ્મી બન્ને માટે નાસ્તો લઈને આવ્યા.

નાસ્તાની પ્લેટમાં હાથ નાખતા જીગરે કહ્યું, 'ના, બધું જ નહીં. નાસ્તો કરવામાં મને ક્યારેય આળસ નથી આવતી.'

આર્યન હસી પડ્યો. "બીજી એક વાત છે, જેમાં તને કદાચ આળસ નહીં આવે. આ વખતે આપણા ક્લાસને 'ફન ફેર' કરવાનો ચાન્સ મળવાનો છે. મજા આવશે ને ?"

"સાવ બોરિંગ. એમાં શું મજા આવે ? મને તો 'ફન ફેર'માં રમવું ગમે. પણ બીજું બધું કામ... ? ના ભાઈ ના, એ મારું કામ નહીં."

બીજા દિવસે આર્યનને બહુ મોટી સરપ્રાઈઝ મળી. ક્લાસ ટીચરે આર્યનને 'ફન ફેર લીડર' તરીકે સિલેક્ટ કર્યો. 'ફન ફેર'માં

૭





કઈ કઈ ગેમ્સ રમાડવી, કેવી રીતે બધું પ્લાનિંગ કરવું વગેરેની જવાબદારી આર્યનને સોંપવામાં આવી. બીજી પણ નાની-મોટી ટીમ બનાવવામાં આવી. જીગરનું નામ મટિરિયલ સપ્લાય ટીમમાં હતું.

'અરે યાર, સાવ બોરિંગ ! આ તો વળી કેવું કામ ? બધાને વસ્તુઓ આપ્યા કરવાની ? એના કરતાં મને ગેમ્સ અથવા સ્નૅક્સ ટીમમાં રાખ્યો હોત તો !' દર વખતની જેમ પોતાને મળેલા કામનો વિચાર કરીને જ જીગરને કંટાળો આવ્યો.

થોડા દિવસો સુધી આર્યન જીગરના ઘરે ગેમ્સ રમવા પણ ના જઈ શક્યો. એ ખૂબ દિલથી પોતાનું કામ કરવામાં લાગી ગયો. જીગરને કોઈક વાર આર્યનને કામ કરતા જોઈને એકલું લાગતું. 'આર્યન પોતાના કામમાં કેટલી મજા કરે છે. ટીચર્સ અને સ્ટૂડન્ટ્સ આર્યનને કેટલું સારી રીતે બોલાવે છે. અને મને ?!'

આમ કરતા કરતા 'ફન ફેર'નો દિવસ આવી ગયો. તે દિવસે બહુ જ ધમાલ હતી. કોઈએ આવીને જીગરને કહ્યું, 'આ બોલ્સ

ગણીને કલર અને શેપ પ્રમાણે ગોઠવી દે. અને ગેમ્સ એરિયામાં જરૂર પ્રમાણે મોકલી દે.'

બોલ્સ ગણવાની જીગરને આળસ આવી. એણે ગણ્યા વગર જ બોલ્સ આગળ જવા દીધા. થોડી વાર પછી 'ફન ફેર' ચાલુ થયો. બધાને મજા કરતા જોઈને જીગરને પણ રમવાનું મન થયું. એણે એની ટીમના એક છોકરાને કહ્યું, 'હવે તો કંઈ કામ નથી. ચાલ રમવા જઈએ.'

ત્યાં તો એક છોકરી હાંફતી હાંફતી આવી અને કહ્યું, 'આ બોલ્સ ઓછા છે. અમારી ગેમમાં પ્રૉબ્લેમ્સ થાય છે. પ્લીઝ, જલ્દી બીજા બોલ્સ આપો.'

'આ બોલ્સ કોણે ગણ્યા ?' કોઈકે પૂછ્યું.

બધાએ જીગર તરફ જોયું. એ ગભરાઈ ગયો. ગણવાની આળસના કારણે એણે એમ ને એમ બોલ્સ જવા દીધા હતા. એણે બીજી કોઈ ગેમને વધારે આપી દીધા હશે. પણ હવે શું ? બીજા બોલ્સ લાવવા ક્યાંથી ?

ટીમમાંથી એક છોકરો બોલ્યો ''બાઉન્સી બોલ' ગેમમાં વધારે બોલ્સ છે. જા, ત્યાંથી લઈ આવ.''





જીગર દોડતો દોડતો ત્યાંથી બોલ્સ લઈ આવ્યો. ત્યાં તો બીજા કોઈની ફરિયાદ આવી, કે એમને કલર અને શેપની જરૂરિયાત પ્રમાણે બોલ્સ નથી મળ્યા. ફરી જીગરને દોડવું પડ્યું. એક વાર ગણવાની આળસ કરી એમાં તો આખા દિવસની મજા મરી ગઈ. બીજા બધા જ્યારે એન્જૉય કરી રહ્યા હતા ત્યારે જીગર પરસેવે રેબઝેબ થઈને ગભરામણમાં આમથી તેમ દોડી રહ્યો હતો.

દિવસ પત્યો એટલે જીગરને 'હાશ' થઈ. પણ એ લાંબી ટકી નહીં. જીગરની ટીમમાંથી કોઈએ આવીને એને કહ્યું, 'જીગર, હવે બધું સમેટવાનું કામ છે. સવારથી તેં બધા કામોમાં ગડબડ કરી છે. હવે આ કામ બરાબર કરજે.'

એક બાજુ જીગરને ઠપકો મળી રહ્યો હતો, તો બીજી બાજુ આર્યનની વાહ વાહ થઈ રહી હતી. જીગરના કંટાળાનો પાર ના રહ્યો. 'હવે બધું ફરી ગણી ગણીને પૅક કરવાનું, હું કેવી રીતે કરીશ ? મને અહીંથી ભાગી જવું છે.'

જીગર નિરાશ થઈને બેઠો હતો ત્યાં આર્યન એની પાસે આવ્યો.

'અરે આર્યન તું ? અહીં શું કરે છે ?' જીગરે એકદમ રડમસ અવાજે પૂછ્યું.

'તને હેલ્પ કરવા આવ્યો છું. ચલ, ભેગા મળીને ફટાફટ તારું કામ પતાવી દઈએ' કહીને આર્યન બૉક્સમાં બોલ્સ ગોઠવવા લાગ્યો. જીગર તો આર્યનને જોતો જ રહી ગયો, 'આર્યન, અત્યારે બધાને તારી સાથે આઈસ્ક્રીમ પાર્ટી કરવી છે અને તું મારી પાસે આવ્યો છે ? તને મારી સાથે કામ કરવાનો કંટાળો નહીં આવે ?'

'જીગર, કામની વૅલ્યૂ સમજીએ તો ઈન્ટરેસ્ટ આવે. અને જેમાં ઈન્ટરેસ્ટ આવે, એમાં ક્યારેય આળસ ના આવે !', આર્યને બોલ્સ ગણતા કહ્યું.

'પણ મને બોલ્સ ગણવાનું કામ આપ્યું હતું. હવે એ કામની શું વૅલ્યૂ હોય ?' જીગરે દલીલ કરી.

'તેં બરાબર બોલ્સ ગણીને આપ્યા હોત, તો ગેમ રમાડનારને કંઈ તકલીફ ના પડી હોત. તને પણ છેલ્લી ઘડીએ બધે દોડવું ના



પડ્યું હોત અને બધાને મજા આવી હોત.' આર્યન પાસે જાણે જવાબ હાજર જ હતો.

જીગર કંઈ ના બોલ્યો. આર્યન કામ કરવામાં મશગુલ હતો.

'પણ તને અત્યારે મારી સાથે કામ કરવામાં કંટાળો કેમ નથી આવી રહ્યો ?' જીગરને સમજાતું નહોતું, 'આ કામ તો તારું છે પણ નહીં.'

'કારણ કે, હું મારા ફ્રેન્ડની હેલ્પ કરી રહ્યો છું ! એ કામની વૅલ્યૂ તો મને ખબર જ હોય ને !'

જીગરને આર્યનની વાત સ્પર્શી ગઈ. પહેલી વાર એને સમજાયું કે એના ફ્રેન્ડને કોઈ કામમાં કંટાળો કેમ નથી આવતો. એ હંમેશાં બધા કામની વૅલ્યૂ સમજે છે. જીગરના ચહેરા પર અચાનક સ્માઈલ આવી. એ જોઈને આર્યને પૂછ્યું, 'શું થયું ? કેમ હસે છે ?'


'કામમાં ઈન્ટરેસ્ટ વધે તો આળસ એની મેળે જ ઘટી જાય !' જીગરે કહ્યું.

'અને કામની વૅલ્યૂ વધે તો કામમાં ઈન્ટરેસ્ટ પણ વધે !' આર્યન બોલ્યો.

બન્ને ફ્રેન્ડ્સ હસી પડ્યા.



# જ્ઞાનીઓ કહે છે...



**પ્રશ્નકર્તા :** આપણને આળસ કેમ આવે છે ?

**નીરુમા :** ખાતી વખતે આળસ આવે છે ? ઊંઘવાની આળસ આવે છે ?

**પ્રશ્નકર્તા :** ના.

**નીરુમા :** એ તો આપણને વાંચવાનું, ભણવાનું કહે છે, ત્યાં આળસ આવે છે. રમવાનું કહે તો આળસ ના આવે. એટલે આપણને ગમતું નથી ને, ત્યાં આળસ આવે છે, કંટાળો આવે છે.

**પ્રશ્નકર્તા :** આળસને દૂર ભગાડવા શું કરવું ?

**નીરુમા :** આપણા ઈન્ટરેસ્ટની વસ્તુ હોય તો આપણને આળસ આવે કંઈ ? એટલે તારે ઈન્ટરેસ્ટ કેળવવાનો છે. જેમાં જેમાં આપણને આળસ આવતી હોય, કે કંટાળો

આવતો હોય તેમાં આપણે ઈન્ટરેસ્ટ કેળવો. એને સમજો. ઈન્ટરેસ્ટ ક્યારે આવે ? આપણને શું ફાયદો છે ? ભવિષ્યમાં આ વસ્તુનો શું ફાયદો છે ? એ સમજીએ તો આવે. ગમે એટલું ક્રિકેટ જોયું પણ એટલા પૂરતો જ આનંદ. પછી પાછું બધું તેનું તે જ. અને આ તો આપણે ભણીએ તો આપણને અત્યારેય સારા માર્ક્સ આવે, આપણું કૅરિઅર બને ને ભવિષ્યમાં આપણે સારા ડૉક્ટર, એન્જિનિયર થઈ શકીએ અને લોકોનેય આપણે સારી રીતે મદદ કરી શકીએ.

આળસ કરવાથી તો આપણે જીવનમાં ભેગી થતી સારી તક ગુમાવી દઈએ. એટલે તું ભણવામાં આળસ ના કરીશ, ક્રિકેટ જોવામાં અને ટી.વી. જોવામાં આળસ કરજે હં.

'કામ નથી કરવું', એમ બોલે તો એની મેળે જ આળસ આવે. અને 'કરવું છે' કહે તો આળસ ક્યાંય જતી રહે. દાદા ભગવાન પાસે શક્તિ પણ મંગાય, 'મને આળસ દૂર કરવાની શક્તિ આપો.'



# આ તો નવી જ વાત !

પ્રશ્નકર્તા : મને સવારે બહુ આળસ આવે. ઊઠી જઉં, પણ ઊઠ્યા પછી પથારીમાં પડ્યો રહું. એટલે મમ્મી ગુસ્સો કરે.



**પૂજ્યશ્રી :** એક ભેંસ હતી. એ બીમાર હતી. એને દવાખાને લઈ જવાની હતી. ભેંસને ટ્રકમાં ચઢાવવા માટે લાકડાના પાટીયા મૂક્યા. પણ ભેંસ તો ટ્રકમાં ચઢતી જ નહોતી.



લોકોએ એને લાકડીઓ મારવાનું ચાલુ કર્યું. પણ ભેંસ તો માને જ નહીં. એણે જોરજોરથી ભાંભરવાનું ચાલુ કર્યું.



આખરે લોકોએ
એને ધક્કો
મારીને ટ્રકમાં
ચઢાવી દીધી
અને દવાખાને
લઈ ગયા.

ત્યાં એને દવા આપી અને એ સાજી થઈ ગઈ.



આપણે ભેંસ છીએ કે માણસ ? પેલી ભેંસ ગોદા ખાધા પછી ટ્રકમાં ચઢી હતી. તને ઉઠાડવા માટે મમ્મીએ તારા પર ગુસ્સો કરવો પડે ત્યારે તું ઊઠે, એના કરતાં જો ડાહ્યા થઈને વહેલા ઊઠી જઈએ તો એ સારું કહેવાય કે ના કહેવાય ? આમેય અડધા કલાક પછી પણ ઊઠવાનું તો ખરું જ ને !

# મીઠી યાદેં...

નીચે દર્શાવેલો હૃદયસ્પર્શી પ્રસંગ એક આપ્તપુત્ર ભાઈ સાથે બનેલો. ચાલો, એમના જ શબ્દોમાં એમની વાત જાણીએ.

તે સમયની વાત છે જ્યારે આપણી સંસ્થામાં નવું નવું કમ્પ્યૂટર આવ્યું હતું. મને ગ્રાફિક્સનું કામ આપવામાં આવ્યું. ગ્રાફિક્સનું કામ મને પહેલા આવડતું નહોતું. પણ કામ મળ્યું એટલે જાતે જ બેસીને શીખવા લાગ્યો અને કરતા કરતા મને ઘણું બધું આવડી ગયું.



દાદાની એક ચોપડી બહાર પાડવાની હતી. એક બાજુ નીરુમા અને દિપકભાઈ ચોપડીનું કામ કરતા હતા અને બીજી બાજુ અમે ગ્રાફિક્સનું. નીરુમા અને દિપકભાઈ સાથે ઘણી બધી વાતો થતી. કંઈ પણ કામ કરીએ તો એમની પાસે લઈ

જઈએ. તેઓ જુએ અને જ્યાં જરૂર લાગે ત્યાં સૂચન કરે.




એક ગ્રાફિક માટે દિપકભાઈ હંમેશા કહે, 'આ રીતે બનાવીશ તો સરસ લાગશે. સમજાય છે તને ?'

હું 'હા' કહું અને પછી પાછી મારી ભૂલ ફરી થાય. બીજી વાર જ્યારે એમની પાસે લઈ જાઉં અને એ ભૂલ જુએ ત્યારે કહે, 'જો, આ ગ્રાફિકને આવી રીતે બનાવીશ તો બહુ સરસ લાગશે. શું લાગે છે તને ?' હું એમને કહું, 'હા દિપકભાઈ, તમે મને લાસ્ટ ટાઈમ કહ્યું હતું પણ હું ભૂલી ગયો.'


દસ વાર એકની એક ભૂલ થાય તો પણ નીરુમા કે દિપકભાઈ ક્યારેય એવું ના કહે કે, 'તું સમજતો જ નથી. મેં તને લાસ્ટ ટાઈમ કહ્યું હતું ને.'

એમના આવા પ્રેમથી તો ભૂલને ગયે જ છૂટકો ! ભૂલ તો જાય અને સાથે સાથે એ પણ શીખવા મળે કે બીજાની ભૂલ જોયા વગર કેવી રીતે પ્રેમથી કામ કરાય.




# ચાલો રમીએ...

**નીચે આપેલા રાઉન્ડમાં તમારી કલ્પના ના અલગ અલગ ચિત્ર દોરો.**



# ચાલો રમીએ...

કલર કરી દોરાનો છેડો શોધો.



# 'પછી' ક્યારે આવે ?



વિન્કીએ એક મોટું બગાસું ખાધું અને રોજની જેમ એલાર્મ બંધ કરીને ફરી સૂઈ ગયો. વિન્કીની બહેને એના પર ઠંડું ઠંડું પાણી નાખીને એને જબરદસ્તી ઉઠાડ્યો, 'કુંભકર્ણ, આજે પણ મારે સ્કૂલ બસ મિસ નથી કરવી. જલદી ઊઠ.' વિન્કી બબડ્યો, 'સૂરજદાદા, તમે પણ થોડું મોડું ઊઠતા હોવ તો.'



રોજની જેમ જોલી સર એકદમ જોલી મૂડમાં હતા. ક્લાસ પત્યો એટલે એમણે એક ઘોષણા કરી, 'સોમવારે બધાએ પોતાના ઘરેથી એક વસ્તુ બનાવીને લાવવાની રહેશે. તમે એ વસ્તુ કેમ બનાવી છે અને એનું મહત્ત્વ શું છે, એ ક્લાસને કહેવાનું રહેશે.'

કલાસ પછી બધા જ એકબીજા સાથે ડિસ્કસ કરવા લાગ્યા, કે તેઓ શું બનાવશે. વિન્કી બેઠો બેઠો એક પઝલ સૉલ્વ કરી રહ્યો હતો. 'વિન્કી, તું શું બનાવીશ ? તેં કંઈ વિચાર્યું ?' કોલીએ પૂછ્યું. 'અત્યારથી શું વિચારવાનું ? તને તો મારો મંત્ર ખબર જ છે ને ! આજ કરો સો કલ, કલ કરો સો પરસો, ઈતની ભી ક્યા જલદી હૈ, જબ જીના હૈ બરસો !'





'તું તો સ્માર્ટ છે, વિન્કી ! તું તો છેલ્લી ઘડીએ વિચારીને પણ કંઈક ગજબનું બનાવી લઈશ. પણ મારે તો આજથી કામ શરૂ કરી દેવું પડશે', કોલીએ કહ્યું. અને ખરેખર એવું જ બન્યું. રવિવાર સાંજ સુધી વિન્કીએ કંઈ જ નહોતું કર્યું. મોડી રાત્રે બેસીને એણે એક પેપર પ્લેન બનાવ્યું. સોમવારે વિન્કીનું પ્રેઝન્ટેશન સૂપરહીટ રહ્યું.



ક્લાસમાં કહેવાતું, કે કોઈ પણ અઘરું કામ હોય તે વિન્કીને આપી દેવાનું. વિન્કી એટલો આળસુ છે કે અઘરા કામને સહેલું બનાવવાનો ઉપાય શોધી કાઢશે. પ્રેઝન્ટેશન પછી જોલી સરે પણ વિન્કીના બહુ વખાણ કર્યા. વિન્કીના રિપોર્ટ કાર્ડમાં સરે લખ્યું, 'વિન્કી બહુ જ હોંશિયાર છે. પણ એને મહેનતનું મહત્ત્વ સમજવાની જરૂર છે.'



વિન્કીના મમ્મીએ વિન્કીને ટોક્યો, "જોયું ? સર પણ તને મહેનત કરવાનું કહે છે. બધા જ કામોમાં 'પછી કરીશ'. તારું 'પછી' ક્યારેય આવતું જ નથી ! જે કામ પછી કરવાનું જ છે, એ કામ તું પહેલા પતાવી દે તો તને કેટલી શાંતિ રહે અને મને પણ."



"પણ મમ્મી, તમે અસલ વાત તો વાંચી જ નહીં ! એમણે કહ્યું છે, કે હું બહુ 'હોંશિયાર' છું !" વિન્કી બોલ્યો. અને પછી સ્ટાઈલ મારતા કહ્યું, 'સફળતા મહેનતથી નહીં, પણ સાચી જગ્યાએ મહેનતથી મળે છે !'



પરીક્ષાઓ પતી, છેલ્લા દિવસે નોટિસ બૉર્ડ પર એક ફલાયર હતું, 'જીતો ફૅન્ટસી રાઈડ.' જોલી સરે ક્લાસમાં કહ્યું, "એક સ્પર્ધા યોજાઈ છે. આપણે એક સાયન્સ મૉડલ બનાવીને મોકલવાનું છે. જે ટીમ સ્પર્ધામાં જીતશે એમને 'ફૅન્ટસી રાઈડ' પર જવાનો ચાન્સ મળશે. વિન્કી, કોલી અને બેન્જીની પસંદગી આ ટીમમાં થઈ છે.."



વિન્કી, કોલી અને બેન્જી બહુ જ ખુશ થઈ ગયા. ત્રણેવે 'સૂર્યમંડળ'નું મૉડલ બનાવવાનું નક્કી કર્યું. 'આપણે એટલું મસ્ત મૉડલ બનાવીશું કે પ્રાઈઝ આપણને જ મળશે. કેટલી મજા પડશે ને ફૅન્ટસી રાઈડ પર !' બેન્જી બોલ્યો.

'હા, આપણે બહુ જ મહેનત કરીશું' કોલીએ કહ્યું.



કોલી સૂર્યમંડળ વિશે રિપૉર્ટ લખવાનો હતો, બેન્જી ડ્રૉઈંગ્સ બનાવવાનો હતો અને વિન્કી મૉડલ બનાવવાનો હતો. કોલી અને બેન્જીએ થોડા દિવસોમાં પોતાના કામો પતાવી પણ દીધા.



બેન્જી અને કોલી રોજ વિન્કીને કહે, 'વિન્કી, તારે મૉડલ બનાવવામાં અમારી હેલ્પની જરૂર છે ?' પણ વિન્કી 'ના' જ પાડે. 'હું આરામથી પતાવી દઈશ. આ બધા મૉડલ્સ બનાવવા એ તો મારા લેફ્ટ હૅન્ડનું કામ છે !'



બીજા દિવસે સબમિશન હતું અને દર વખતની જેમ આગલી રાત્રે વિન્કી મૉડલનું કામ લઈને બેઠો. અડધું કામ પત્યું, ત્યાં તો લાઈટો બંધ થઈ ગઈ.



વિન્કી ઈમરજન્સી લાઈટ લઈને કામ કરવા બેઠો પણ લાઈટ ચાલુ જ ના થઈ. મમ્મીએ કહ્યું હતું પણ 'પછી-પછી' કરવામાં એણે લાઈટ ચાર્જ નહોતી કરી. વિન્કીને પહેલી વાર પસ્તાવો થયો, 'આળસ કર્યા વગર લાઈટ ચાર્જ કરી દીધી હોત તો !' પણ હવે શું !



ડરતા ડરતા એ કોલીના ઘરે ગયો. અને ફોન કરીને બેન્જીને પણ ત્યાં જ બોલાવ્યો. એણે આખી વાત કહી, 'ફ્રેન્ડ્સ સૉરી, મારા કારણે તમારો પણ ફૅન્ટસી રાઈડનો ચાન્સ મિસ થઈ જશે.



કોલીએ કહ્યું, 'હજી પણ મોડું નથી થયું. શરૂઆત તો બદલી ના શકાય. પણ, મહેનત કરીને આપણે એન્ડ ચોક્કસ બદલી લઈશું.' રાત્રે ત્રણેવે મળીને મૉડલ બનાવ્યું.



વિન્કીને બહુ જ શરમ આવી. એણે નક્કી કર્યું, કે જે કામ પછી કરવાનું જ છે, એ પહેલા પતાવી દેવામાં આળસ નહીં કરે. ત્રણેવને 'ફૅન્ટસી રાઈડ' પર જવાનો ચાન્સ મળ્યો કે નહીં એ તો નથી ખબર. પણ એટલી ખબર છે કે વિન્કીને એટલું સમજાઈ ગયું કે મહેનતની સીડી વગર સફળતાની રાઈડ પર ચઢવા નહીં મળે.

# AALOO CHILLY

કૉમ્પિટિશન પહેલા આલુએ કોકોને 'તું ચોક્કસ જીતીશ' એમ કહ્યું... એટલે ચીલીએ છેલ્લી ઘડીએ પોતાનું સૉંગ બદલી નાખ્યું અને એના પર્ફોર્મન્સ પર બધા ખૂબ હસ્યા. હવે જોઈએ, કે ચીલીને આગળ શું કહેવું છે...

આલુ આવું કેમ કરે છે ? એ મારો ફ્રેન્ડ છે કે કોકોનો... ? બધા મારા સૉંગ પર કેટલું હસ્યા. પણ એ કંઈ ના બોલ્યો. એને જ્યારે સ્કેટિંગ નહોતું આવડતું અને બધા એને હેરાન કરતા હતા, ત્યારે હું એના માટે બધા સાથે લડતો હતો અને એ ? એ તો મારા બદલે કોકોની સાઈડ લે છે. મારી તો તબિયત પણ બગડી ગઈ હોય એવું લાગે છે. મને અંદર એટલું ગરમ ગરમ લાગે છે કે મારા પીંછા પણ બળી રહ્યા છે.



મને થયું કે હવે મારે આઈસ્ક્રીમ ખાવો જ પડશે. મેં ફ્રિજ ખોલ્યું. આઈસ્ક્રીમ કાઢીને ખાવા જતો જ હતો, ત્યાં મને પાર્સલીનો કર્કશ અવાજ સંભળાયો. મને ખબર હતી, કે મારી પાછળ આલુ અને એનો ચમચો પાર્સલી આવી જ જશે. મેં પાછળ વળીને જોયું તો પાર્સલી એકલો જ હતો. આલુ ક્યાંય ના દેખાયો. એટલે મેં પાર્સલીને પૂછ્યું, "ક્યાં છે તારા આલુભાઈ ? ત્યાં તો બહુ 'કોકો કોકો' કરતા હતા !"



તો પાર્સલી બોલ્યો, 'કોકોનું સૉંગ સ્ટાર્ટ થઈ ગયું છે ! કોકોને એમના સપૉર્ટની જરૂર છે. એટલે એ તો ત્યાં જ છે !' એની વાત સાંભળીને મને એટલું બધું ગરમ ગરમ લાગ્યું, કે જાણે હું ગરમ તેલમાં પડી ગયો હોઉં. મેં તો એને કહી દીધું, 'તો તું શું કામ આવ્યો ? તારેય ત્યાં જ રહેવું હતું ને !' પાર્સલીએ કહ્યું, 'ચીલી, તું મારી વાત સાંભળ, મેં આલુભાઈ અને કોકોને વાત કરતા સાંભળ્યા, હું તને સમજાવું કે આલુભાઈ કેમ...' કોકોનું નામ સાંભળીને મને પેલી વાત ફરીથી આવી ગઈ. આલુ મારો બેસ્ટ ફ્રેન્ડ છે. તો પણ એણે કોકોને કહ્યું હતું, કે 'તું મસ્ત ગાજે, કોકો. તું ચોક્કસ જીતીશ !'



મારે બસ હવે અહીંયાથી ક્યાંક જતા રહેવું છે. પણ હું જ્યાં જઈશ ત્યાં પાર્સલી મારી પાછળ આવશે. એનો પીછો છોડાવવા મેં એને કહ્યું, ‘‘ફ્રિજમાં જે ‘ચીલી શેક’ છે એ તો હું જ પીવાનો છું !’’ અને ‘ચીલી શેક’નું નામ સાંભળતા જ બધું ભૂલીને પાર્સલી સીધો ફ્રિજ પાસે દોડ્યો.



જેવો પાર્સલી અંદર ગયો કે હું તરત ત્યાંથી બહાર ઊડી ગયો. ઠંડી હવામાં પણ સારું ના લાગ્યું. બસ હવે થીઓના કૅફેમાં જઈને કંઈક ઠંડુ પીવાથી જ મને સારું લાગશે !! એમ વિચારી હું થીઓના કૅફે પર ગયો. ઉપર આકાશમાંથી નીચે કૅફે તરફ જોયું અને મને એકદમ ઠંડક થઈ ગઈ !

***ચીલીને આટલું દઝાતું કેમ હતું ? અને થીઓના કેફેમાં એણે એવું તો શું જોયું, કે એને એકદમ ઠંડક થઈ ગઈ ?***

Summer Camp

# બાળકો માટે સંસ્કાર સિંચન શિબિર
## વર્ષ ૨૦૨૫

| સેન્ટર | ૪ થી ૭ વર્ષ - તારીખ | ૪ થી ૭ વર્ષ - સંપર્ક નંબર | ૮ થી ૧૨ વર્ષ - તારીખ | ૮ થી ૧૨ વર્ષ - સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| સીમંધર સીટી | ૧૩ એપ્રિલ | ૯૩૧૩૬૬૫૫૬૨ | ૨૦ એપ્રિલ | ૯૩૧૩૬૬૫૫૬૨ |
| અમદાવાદ | ૩૦ માર્ચ<br>૧૯ એપ્રિલ | ૮૧૬૦૬૨૮૪૭૩ | ૨૩ માર્ચ<br>૨૦,૨૧ એપ્રિલ | ૯૯૨૫૦૯૪૦૪૯ |
| અમરેલી | - | - | ૨૭ એપ્રિલ | ૯૪૦૮૮૯૮૭૯૨ |
| બરોડા | ૨૦ એપ્રિલ | ૯૭૧૨૯૮૧૫૧૫ | ૮ જૂન | ૯૯૯૮૦૦૮૪૩૫ |
| ભરૂચ | - | - | ૨૭ એપ્રિલ | ૮૩૨૦૭૧૦૬૮૮ |
| ભાવનગર | ૬ એપ્રિલ | ૯૪૦૯૪૬૭૧૮૧ | ૧૮ મે | ૯૫૫૮૮૬૦૨૫૯ |
| ભુજ | ૨૦ એપ્રિલ | ૮૪૦૧૭૩૯૬૧૨ | ૨૭ એપ્રિલ | ૯૪૦૮૨૪૬૪૮૦ |
| ધોરાજી | - | - | ૨૦ એપ્રિલ | ૯૫૭૪૦૪૬૦૮૨ |
| ગાંધીધામ | - | - | ૨૦ એપ્રિલ | ૯૪૨૮૩૧૦૭૮૭ |
| જામનગર | ૨૦ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ | ૨૭ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| જુનાગઢ | - | - | ૧૮ મે | ૭૯૮૪૩૧૩૩૯૭ |
| મહેસાણા | ૧૮ એપ્રિલ | ૮૪૬૯૨૬૪૬૦૫ | ૨૭ એપ્રિલ | ૯૪૨૭૬૫૦૩૮૨ |
| મોરબી | ૧૮ એપ્રિલ | ૯૭૨૫૧૯૯૧૪૪ | ૨૭ એપ્રિલ | ૯૯૭૮૬૩૩૦૩૫ |
| મુંબઇ | બોરીવલી - ૧૨ એપ્રિલ<br>મુલુંદ - ૧૨ એપ્રિલ<br>ઘાટકોપર - ૧૩ એપ્રિલ | ૮૬૫૨૮૯૦૦૬૬ | ૧૨, ૧૩ એપ્રિલ | ૯૮૨૦૧૬૧૭૧૦ |
| રાજકોટ | ૨૦ એપ્રિલ | ૮૮૪૯૦૪૩૩૬૨ | ૧૮ મે | ૭૭૭૯૦૨૩૭૨૬ |
| સુરત | ૩૦, ૩૧ માર્ચ | ૯૮૨૫૨૩૩૫૫૯ | ૨૦ એપ્રિલ | ૯૫૭૪૦૦૮૪૯૮ |
| વિજાપુર | - | - | ૪ મે | ૮૧૪૧૪૬૧૬૮૨ |
| વેરાવળ | ૩૧ માર્ચ | ૮૯૮૦૪૮૩૬૮૩ | ૧૬ મે | ૯૭૧૨૧૯૧૮૮૭ |

૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨. રજીસ્ટ્રેશન માટે બાળકની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઇ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૫ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રિમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપ્પીનેસ' પર સાંજે ૫:૦૦ થી ૬:૩૦ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઇ શકશે. આ રજીસ્ટ્રેશન ૨૨ માર્ચ થી શરૂ થશે. સંપર્ક સૂત્ર ૯૩૧૩૬૬૫૫૬૨

**વધુ વિગત માટે અહીં ક્લિક કરો.**

For BMHT https://shorturl.at/aD2uS

For LMHT https://shorturl.at/3VQ0i

DBF • અડાલજ